# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com


જા.નં./મા-૭/એફ.આર.સી/૨૦૨૫/2788 તા. 18/03/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની નોન-ગ્રાન્ટેડ (સ્વ-નિર્ભર) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.
જિ-સુરત.

વિષય:- એફ.આર.સી અંતર્ગત એફિડેવિટ (સોગંદનામું)ની પ્રક્રિયા ઓનલાઇન કરવા બાબત.

સંદર્ભ:- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:-ED/MSM/e-file/3/2022/5754/FRC CELL, DATE:-07/03/2025.

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે સુરત જિલ્લાની નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ (સ્વનિર્ભર) શાળાઓએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ઓનલાઇન એફિડેવિટ રજૂ કરવાનું ઉકત ઠરાવથી સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે ઠરાવ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ સુરત જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓએ આગામી વર્ષ ૨૦૨૬-૨૦૨૭થી **frcgujarat.org** વેબ પોર્ટલ પર ઓનલાઇન એફિડેવિટ રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

બીડાણ:- ઠરાવ

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

એફ.આર.સી. અંતર્ગત એફિડેવિટ (સોગંદનામું)ની પ્રક્રિયા ઓનલાઇન કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5754/FRC CELL
બ્લૉક- નં.૨, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અને તે હેઠળ બનાવેલ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) નિયમો-૨૦૧૭ ની જોગવાઇઓ.

(૨) શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક :GH/SH/06/BMS/1183/83/CHH, તા:- ૨૮-૦૨-૨૦૧૮.

આમુખ:

ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ તથા તે હેઠળ બનાવેલગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) નિયમો-૨૦૧૭ અનુક્રમે શિક્ષણ વિભાગના તા.૨૦.૦૪.૨૦૧૭ અને તા.૨૫.૦૪.૨૦૧૭ના રોજના જાહેરનામાથી અમલમાં આવેલ છે. ઉપરોક્ત અધિનિયમ અને નિયમો અન્વયે ફી નિયમન સમિતિઓ (અમદાવાદ ઝોન, રાજકોટ ઝોન, વડોદરા ઝોન, સુરત ઝોન) ની રચના કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક.(૨)થીઠરાવેલી ફી કરતા ઓછી ફીની રકમ વસુલ કરતી હોય તેવી ખાનગી શાળાઓને ફી નિયમન સમિતિઓ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. આવી શાળાઓએ શિક્ષણ વિભાગ દ્વારા નિર્ધારીત કરાયેલ જાહેરનામાં મુજબ નમુના-૪ અનુસાર તે મતલબનું સોગંદનામું (એફિડેવિટ) ઓફલાઇન (પેપર -ફોર્મેટમાં)રજુ કરવાનું રહેતું હતું. સ્વનિર્ભર શાળાઓની ફી નિર્ધારણ માટેની એફિડેવિટની પ્રક્રિયાને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી frcgujarat.org વેબ પોર્ટલ પર ઓનલાઇન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) હેઠળઠરાવેલી ફી કરતા ઓછી ફીની રકમ વસુલ કરતી હોય તેવી ખાનગી (સ્વનિર્ભર) શાળાઓની ફી નિર્ધારણ માટેની એફિડેવિટની પ્રક્રિયાને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ઓનલાઇન કરવા તથા નીચે જણાવ્યા મુજબની સૂચનાઓનો અમલ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સૂચનાઓ:-

- વંચાણે લીધેલ ક્રમાંક: (૨) હેઠળ આવતીખાનગી (સ્વનિર્ભર) શાળાઓએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ઓનલાઇન એફિડેવિટ કરવાનું રહેશે.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓશ્રીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી સ્વનિર્ભર શાળાઓને ઓનલાઇન એફિડેવિટ કરવા બાબતની જાણ કરવા જરૂરી સૂચનાઓ/માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(હિતેષ કે. ગોહિલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

<u>પ્રતિ, (કાર્યવાહી સારૂ)</u>

(૧) સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

(૨) સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી( શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગતસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.